# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-11-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

**************************************************

1) સરકારે સંસદના શિયાળુ સત્ર પૂર્વે 24 નવેમ્બરે સર્વદળીય બેઠક બોલાવી
2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં “ફિલાવિસ્ટા 2024” પ્રદર્શનનું ઉદઘાટન કર્યું
3) ઇસરોએ અત્યાધુનિક કમ્યૂનિકેશન સેટેલાઇટ GSAT 20નું સફળ પ્રક્ષેપણ કર્યું
4) દિલ્હી- એનસીઆરના કેટલાક વિસ્તારોમાં હવાની ગુણવત્તા 500 AQIને પાર, ઑફિસ અને શાળા કૉલેજો બંધ કરાઈ
5) રશિયાએ સુદાનમાં તાત્કાલિક યુદ્ધ વિરામની હાકલ કરતા સંયુક્તરાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવ સામે વીટો કર્યો
6) અને મહિલા એશિયન ચેમ્પિયન્સ હોકી ટ્રોફીની સેમિફાઇનલમાં ભારત - જાપાન વચ્ચે મુકાબલો

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ALL PARTY MEET

કેન્દ્ર સરકારે સંસદના શિયાળુસત્ર પૂર્વે 24 નવેમ્બરના રોજ સર્વદળીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં સરકાર લોકસભા અને રાજ્યસભાના શિયાળુસત્રના શાંતિપૂર્ણ અને યોગ્ય સંચાલન માટે તમામ પક્ષોનું સમર્થન મેળવવા પ્રયાસ કરશે.

મહત્વનુ છે કે સંસદનું શિયાળું સત્ર 25 નવેમ્બરના રોજ શરૂ થઈને 20 ડીસેમ્બરે પૂરું થશે.

## AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં દાંડી કુટિર ખાતે ટપાલ ટિકિટોના પ્રદર્શન "ફિલાવિસ્ટા 2024"નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યની બે દિવસની મુલાકાતે આવેલા શ્રી શાહ આજે ગુજરાતમાં કેટલાંક મહત્વનાં કાર્યક્રમોમાં હાજરી આપશે. શ્રી શાહ ગાંધીનગરના લવાડ સ્થિત રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનમાં ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે. બપોર બાદ તેઓ હિમ્મતનગરમાં આવેલી સાબર ડેરીના 800 મેટ્રિક ટનની ક્ષમતા ધરાવતા પશુઆહાર એકમનું ઉદ્ઘાટન કરશે. સાંજે શ્રી શાહ અમદાવાદના શેલા વિસ્તારમાં નવીનીકરણ કરાયેલા શેલા ગામ તળાવનું લોકાર્પણ કરશે.

## PM– G 20, BILATERALS

બ્રાઝિલનાં રિયો ડી જાનેરોમાં યોજાયેલા જી-20 શિખર સંમેલનમાં જાહેર કરાયેલા ઘોષણાપત્રમાં સંવાદ અને રાજદ્વારી માધ્યમથી સમસ્યાઓનાં ઉકેલ પર ભાર મૂકવામાં આવ્યો છે. ઘોષણાપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, શાંતિ દ્વારા જ સતત વિકાસ અને સમૃધ્ધિ હાંસલ થઈ શકે છે. જી -20 દેશોએ ઇઝરાયેલ-પેલેસ્ટાઇન સંઘર્ષનાં ઉકેલ માટે દ્વિ રાજ્યનું સમર્થન કર્યું છે અને માનવીય સહાયતાનાં પ્રયત્ન વધારવા પર ભાર મૂક્યો છે.

સંમેલનનાં પ્રથમ દિવસે ભુખ અને ગરીબી પરનાં વૈશ્વિક સંગઠન તથા વૈશ્વિક સંચાલન સંસ્થાઓમાં સુધારો પર સફળ સત્રો યોજાયા હતા.

પ્રધાનમંત્રીએ બ્રિટનમાં બે નવી કોન્સ્યુલેટ ખોલવાની પણ જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી સંમેલનનાં બીજા દિવસે આજે સાતત્યપૂર્ણ વિકાસ અને ઊર્જા પરિવર્તન પર સત્રને સંબોધન કરશે.

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G20 સમિટથી અલગ બ્રિટન, ઇટલી, ફ્રાન્સ, નોર્વે, પોર્ટુગલ અને ઇન્ડોનેશિયા સહિતના અનેક દેશોના નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને સંબંધોને સુધારવા અને મજબૂત કરવાના ઉપાયો પર ચર્ચા કરી હતી. શ્રી મોદી વિદેશ પ્રવાસના અંતિમ તબક્કામાં ગયાના જશે.

## ASSEMBLY ELECTION

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની આવતી કાલે યોજાનારી ચૂંટણી માટેની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં તમામ 288 બેઠકો માટે મતદાન થશે. સત્તારૂઢ ભાજપની આગેવાની હેઠળનું મહાયુતિ ગઠબંધન રાજ્યમાં સત્તા જાળવી રાખવા માંગે છે, જ્યારે મહા વિકાસ અઘાડી (MVA) પુનરાગમન કરવાનાં પ્રયત્ન કરે છે. ચૂંટણીમાં કુલ 4,136 ઉમેદવારો મેદાનમાં છે જેમાં 2,086 અપક્ષ દાવેદારોનો સમાવેશ થાય છે. ભાજપે 149, શિવસેનાએ 81 અને અજિત પવારની આગેવાની હેઠળની NCPએ 59 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. કોંગ્રેસે 101, શિવસેના-UBTએ 95 અને NCP-SPએ 86 ઉમેદવારો ઉભા રાખ્યા છે. બહુજન સમાજ પાર્ટી અને AIMIM સહિતના નાના પક્ષો પણ ચૂંટણી લડી રહ્યા છે.

દરમિયાન, આવતી કાલે ઝારખંડમાં બીજા અને અંતિમ તબક્કામાં 38 બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં બારહેટ બેઠક પર મુખ્યમંત્રી હેમંત સોરેન, જ્યારે ઝારખંડ ભાજપના વડા બાબુલાલ મરાન્ડી ધનવડ બેઠક અને AJSU ના વડા સુદેશ મહાતો સિલી બેઠક પરથી લડી રહ્યા છે. મુખ્યમંત્રી હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેન ગાંડેય બેઠક અને ભાઇ બસંત સોરેન પરિવારની પરંપરાગત બેઠક

દુમકા પરથી લડી રહ્યા છે. આ તબક્કામાં 528 ઉમેદવારો મેદાનમાં છે. બંને રાજ્યોમાં 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

# ISRO GSAT 20

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા –ઇસરોએ અત્યાધુનિક કમ્યૂનિકેશન સેટેલાઇટ GSAT 20નું સ્પેસએક્સ ફાલ્કન 9 રોકેટ દ્વારા અંતરિક્ષમાં સફળ પ્રક્ષેપણ કર્યું છે. અમેરિકાના ફ્લોરિડા ખાતે ગત રાતે આ પ્રક્ષેપણ કરાયું હતું. આ પ્રસંગે બોલતા ઇસરોના અધ્યક્ષ એસ. સોમનાથે પ્રક્ષેપણને સફળ ગણાવતા ઉપગ્રહ સુરક્ષિત હોવાનું તેમજ સોલાર પેનલ ખુલ્લી મૂકાઈ હોવાનું જણાવ્યું હતું.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# DELHI- POLLUTION

દિલ્હી-એનસીઆર પ્રદેશમાં હવાની ગુણવત્તા વધુ બગડી છે, ગઈ કાલે રાત્રે 10 વાગે સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 500 સાથે 'સિવિયર પ્લસ' લેવલથી વધી ગયો હતો. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં જણાવ્યા અનુસાર, શહેરનાં કેટલાંક ભાગોમાં 500 AQI સ્તર નોંધાયું છે. આજે સવારે છ વાગે દિલ્હીનાં IGI વિમાન મથક, બવાના, આનંદ વિહાર, JLN સ્ટેડિયમ, ઓખલા ફેઝ-ટુ જેવા વિસ્તારોમાં 500 AQI નોંધાયો છે.

રાજધાનીમાં પ્રદૂષણનાં વધતાં જતા સ્તરને ધ્યાનમાં રાખતા દિલ્હીના ઉપ રાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ દિલ્હી સરકારને તમામ સરકારી કચેરીઓમાં

તબક્કાવાર સમય રાખવા નિર્દેશ આપ્યો છે. દરમિયાન, દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ દિલ્હીની શાળાઓમાં આજથી ધોરણ 10 અને 12 સહિત તમામ વર્ગો ફક્ત ઓનલાઈન લેવાની જાહેરાત કરી છે. દિલ્હી યુનિવર્સિટી શનિવાર સુધી ઓનલાઈન વર્ગો ચલાવશે..

દરમિયાન ગઈકાલે સર્વોચ્ચ અદાલતની ફટકાર બાદ દિલ્હી-એનસીઆરના વિસ્તારોમાં ગ્રેપ-4 એટલે કે, ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના પ્રતિબંધ લાગુ કરાયો છે.

## UNSC-RUSSIA VETO

રશિયાએ ગઈકાલે સુદાનમાં તાત્કાલિક યુદ્ધ વિરામની હાકલ કરતા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવ સામે વીટો કર્યો છે. દક્ષિણ આફ્રિકાના દેશ સિએરા લિયોન અને યુકે દ્વારા રજૂ કરાયેલા આ પ્રસ્તાવમાં સુદાનમાં તમામ પક્ષકારોને તાત્કાલિક ધોરણે દુશ્મનાવટ બંધ કરવા તેમજ યુદ્ધ વિરામ પર વાતચીત કરવા માટે અપીલ કરવામાં આવી છે.

આ પ્રસ્તાવ નાગરિકોની સુરક્ષિત અવર-જવર તેમજ માનવ સહાય સહિતના અન્ય પગલાઓને સુનિશ્ચિત કરવા વાટાઘાટો અર્થે એક મંચ પર આવવા દરખાસ્ત કરાઈ છે. બ્રિટનના વિદેશ સચિવ ડેવીડ લેમીએ રશિયાની આ પ્રતિક્રિયાને અસ્પષ્ટ અને ઉદ્ધત ગણાવી છે. તો સામે પક્ષે રશિયાએ બ્રિટન પર સુદાનની બાબતોમાં દખલ કરવાનો આરોપ મૂક્યો છે. 15 સભ્યોની સુરક્ષા પરિષદમાં રશિયા એકમાત્ર સભ્ય છે, જેણે આ દરખાસ્ત વિરુદ્ધ મતદાન કર્યું છે.

## BIHAR HOCKEY

મહિલા એશિયન ચેમ્પિયન્સ હોકી ટ્રોફી 2024ની સેમિફાઇનલ આજે બિહારના રાજગીર આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે રમાશે. સેમિફાઇનલની પ્રથમ મેચમાં ચીન અને મલેશિયાની ટીમ વચ્ચે આજે બપોરે મુકાબલો થશે.

બીજી સેમિફાઇનલમાં ભારતીય ટીમ જાપાન સામે મેદાનમાં ઉતરશે. આ મેચ 4 વાગીને 45 મિનિટે શરૂ થશે. સ્કીપર સલિમાના નેતૃત્વમાં ભારતીય ટીમ પોઇન્ટ ટેબલ પર 15 પોઇન્ટ સાથે આગળ ચાલી રહી છે. રાઉન્ડ રોબિન લીગ મેચોમાં યજમાન ભારતે વર્ચસ્વ જાળવી રાખતા તમામ પાંચ મેચ જીતી લીધી હતી. આવતીકાલે સાંજે 4 વાગીને 45 મિનિટે ફાઇનલ મેચ રમાશે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના ભાગોમાં રાત્રિ અને સવારના સમયે ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના ભાગોમાં આવતીકાલ સુધી, પંજાબ - હરિયાણા અને ચંદીગઢમાં શનિવાર સુધી ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે.

હવામાન વિભાગે  આજે તામિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન આજે કેરળ, માહે, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ સાથે આગામી 4 થી 5 દિવસ દરમિયાન મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય ભારતના લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે.

# J&K-VAISHNODEVI PILGRIM RECORD

જમ્મુ અને કાશ્મીરમાં રિયાસી જિલ્લામાં ત્રિકુટા પહાડીઓ પર સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિરની આ વર્ષે અત્યાર સુધીમાં 86 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ મુલાકાત લીધી છે.

આકાશવાણી જમ્મુના સંવાદદાતાએ જણાવ્યું હતું કે ડિસેમ્બરના અંત સુધીમાં શ્રદ્ધાળુઓની સંખ્યા 95 લાખને પાર થવાની ધારણા છે. માતા વૈષ્ણો દેવી ભવન ખાતે સ્કાયવોક, નવનિર્મિત પાર્વતી ભવન, દુર્ગા ભવન, નવા સમુદાય

રસોડા અનેરેલ્વે નોંધણી કેન્દ્રોનો જેવી  પાયાની સુવિધાઓમાં વધારો થવાથી મંદિરની લોકપ્રિયતામાં વધુ વધારો થયો છે.

ઉપરાંત કટરા ખાતેના બેઝ કેમ્પમાં એક ચોવીસ કલાક કાર્યરત અત્યાધુનિક કોલ સેન્ટર છે જે વિશ્વભરના તીર્થયાત્રીઓના રોજના અંદાજે બે હજાર પાંચસો કોલ હેન્ડલ કરે છે.

## J&K-REVIEWSECURITY (WEBSITE)

જમ્મુ અને કાશ્મીરના જમ્મુ ઝોનના અધિક પોલીસ મહાનિર્દેશક, આનંદ જૈને પૂંચના સરહદી જિલ્લામાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લામાં ગુપ્તચર નેટવર્ક મજબૂત કરવા સુરક્ષા દળોને નિર્દેશ આપ્યો છે. એડીજીપીએ મુલાકાત દરમિયાન દળોની ઓપરેશનલ તૈયારીઓનું મૂલ્યાંકન કર્યું. અને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SoG) સહિત પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાતચીત કરી.

સંકલનના મહત્વ પર ભાર મૂકતા તેમણે અધિકારીઓને ગુપ્તચર નેટવર્કને મજબૂત કરવા અને કોઈપણ સંભવિત જોખમોનો સામનો કરવા માટે સુમેળભર્યા રીતે કામ કરવા સૂચના આપી.

## CCI-WHATSAPP

કોમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયાએ સોશિયલ મીડિયા કંપની મેટાને 213 કરોડ રૂપિયાથી વધુનો દંડ ફટકાર્યો છે. વર્ષ 2021ની વોટ્સએપ પ્રાઇવસી પૉલિસી અંતર્ગત મેટા માલિકીની અન્ય એપને ડેટા આપવા મુદ્દે આ દંડ ફટકારાયો છે. CCIએ જણાવ્યું છેકે મેટા કંપની વોટ્સએપ સેવા ઉપરાંત ડેટા શેરિંગની શરતોથી ગ્રાહકોને બંધનકર્તા બનાવી શકે નહીં.